**ભાસ્કર ઈન્ટરવ્યૂ** વેદાંતા ગ્રૂપની 4 અલગ કંપનીઓનું ભારતમાં લિસ્ટિંગ થયું, ચેરમેન અનિલ અગ્રવાલ સાથે ભાસ્કરની ખાસ વાતચીત

# ભાસ્કર: 4 કંપનીઓને અલગ કરવાનો નિર્ણય?

# અગ્રવાલ: સંતાનો યુવાન થાય, ત્યારે સ્વતંત્રતા આપવી જોઈએ, આમ પણ મારી દરેક કંપની 5 વર્ષમાં $100 અબજ પર પહોંચશે

અરુણ ચૌહાણ | મુંબઈ

વેદાંતા ગ્રૂપે પોતાના ઈતિહાસનો સૌથી મોટો નિર્ણય લેતા પોતાની ચાર પ્રમુખ કંપનીઓના ડિમર્જર (વિભાજન)ની જાહેરાત કરી છે. આ ચાર કંપનીઓનું સોમવારે ભારતમાં લિસ્ટિંગ થયું છે. આ ચાર કંપનીઓની કુલ માર્કેટ કેપ 49 હજાર કરોડ રૂ.થી વધી 3.52 લાખ કરોડ રૂ. થઈ છે. આ મોટા નિર્ણય બાદ ભાસ્કરે વેદાંતાના ચેરમેન અનિલ અગ્રવાલ સાથે ખાસ વાતચીત કરી હતી. જણાવ્યું કે 13 વર્ષ બાદ આ નિર્ણય પાછળ શું દૂરંદેશી છે? દેશમાં કેટલી નવી રોજગારી સર્જાશે? તદુપરાંત, તેઓએ યુવાઓ તેમજ માતાપિતાને ભારતીય વેલ્યૂ સિસ્ટમ અપનાવવાની પણ સલાહ આપી હતી.

**■ તમે અંદાજે 13 વર્ષ બાદ આટલા મોટા સ્તર પર તમારી કંપનીઓને અલગ કરવાનું પગલું કેમ લીધું?**

જ્યારે સંતાનો યુવાન થાય છે, તો તેમને સ્વતંત્ર છોડવા જોઈએ. અમારા બિઝનેસમાં એટલી ક્ષમતા છે કે તે અલગ થઈને પણ મોટું વટવૃક્ષ બની શકે. મુખ્ય લક્ષ્ય આત્મનિર્ભરતા છે. વિદેશી તાકાતોએ અમને માત્ર આયાત કરનારું માર્કેટ બનાવ્યું હતું, જ્યારે આપણી ધરતીમાં વિપુલ પ્રમાણમાં સંસાધનો છે. ડિમર્જરથી દરેક બિઝનેસને પોતાની અલગ ઓળખ મળશે.

**■ આગામી 5 વર્ષ માટે તમારો શું રોડમેપ છે અને તેનાથી કેટલી રોજગારીનું સર્જન થશે?**

અમારું લક્ષ્ય દરેક કંપનીને $100 અબજ (અંદાજે રૂ.9.45 લાખ કરોડ)ની મૂલ્ય વાળી બનાવવાનું છે. ભારતમાં એલ્યુમિનિયમ, ઝિંક, આયરન-સ્ટીલ અને પાવર સેક્ટર્સમાં 11% થી 15% સુધી વાર્ષિક વૃદ્ધિ છે. આ વિસ્તરણથી ડાઉનસ્ટ્રીમ પ્રોડક્ટ્સની નાની ફેક્ટરીઓ લાગશે, જેનાથી દેશમાં અંદાજે 2-3 લાખ રોજગાર પેદા થશે.

## યુવાઓ નોકરીને બદલે સીધા જ સ્ટાર્ટઅપ અંગે વિચારે છે? શું આ યોગ્ય છે?



યુવાઓએ ધીરજ રાખવી જોઈએ. દેશમાં શરૂઆતના દિવસોમાં નોકરી ખૂબ મહત્વપૂર્ણ છે, કારણ કે ત્યાંથી જ તમે કામ શીખો છો. પરંતુ નોકરી એવી જગ્યાએ કરો જે કોઈ ઉદ્યોગસાહિસકની હોય અને માર્કેટમાં લિસ્ટેડ હોય. ત્યાં કામ શીખો અને પછી આગળ વધો. લેપટોપ વિશ્વની બારી છે, એઆઈને સમજો અને જો તેઓ મેન્યુફેક્ચરિંગ સેક્ટર્સના સ્ટાર્ટઅપ્સમાં જશે, તો ત્યાં દગો થાય તેવી શક્યતા ન બરાબર છે.

**■ પાવર સેક્ટરમાં નવી યોજના શું છે, ક્યાં પ્લાંટ લાગશે?**

આપણા કોલસામાં દુનિયામાં સૌથી ઓછો સલ્ફર છે. હવે આપણે દેશમાં હાજર પ્રચુર થોરિયમનો ઉપયોગ કરી ન્યૂક્લિયર પાવરના ક્ષેત્રમાં આવી રહ્યાં છીએ. આપણે 20,000 મેગાવોટનો પ્લાન્ટ લગાવીશું, જેનાથી દેશની 25% વીજળી પેદા થશે. કેટલાક રાજ્યમાં આપણી પાસે બ્રાઉનફીલ્ડ લોકેશન છે, પરંતુ અંતિમ મંજૂરી મળ્યા બાદ જ આ રાજ્યોનું નામ સત્તાવાર રીતે જાહેર કરાશે.

**■ ફંડ ક્યાંથી આવશે? રોકાણકારોને શું લાભ થશે?**

આગામી 3-4 વર્ષમાં દરેક કંપનીમાં 5-5 અબજ ડોલરનો મૂડીખર્ચ થશે. તેના માટે ફંડની સમસ્યા નથી કારણ કે અમારી વાર્ષિક કમાણી અંદાજે 10 અબજ ડોલર છે. આ નિર્ણયથી એક શેરને બદલે રોકાણકારોને પાંચ કંપનીઓના શેર્સ મળ્યા છે. અમે હંમેશા નાના શેરધારકોનું ધ્યાન રાખીએ છીએ અને ડિવિડન્ડ આપતી કંપની બની રહીશું.

**■ ભારત જિયો-પોલિટિકલ આંચકાઓને કઇ રીતે સહન કરશે?**

ભારતની પાસે 150 કરોડ લોકોના ઘરેલુ માર્કેટનું મોટું કવચ છે. જો આપણે એનર્જીમાં પણ 50% થી 60% આત્મનિર્ભર થઈ જઈએ, તો કોઈપણ વૈશ્વિક સંકટની અસર નહીં પડે. દુનિયાની તુલનામાં આપણો ઉત્પાદન ખર્ચ 15-20% ઓછો છે, એટલે જ આપણે વૈશ્વિક માર્કેટમાં સ્પર્ધાત્મક છીએ.